# રાજ્યમાં વધુ ૧૧૧૩ કરોડ રૂપિયાના રોકાણો માટે નવા ચાર MoU

**વાયબ્રન્ટ સમિટ પૂર્વે પ્રતિ સપ્તાહ MoUના ઉપક્રમની ત્રણ કડીમાં કુલ રૂ. ૩૮૭૪ કરોડના ૧૪ MoU : નેનો યુરિયા પ્રવાહિ ખાતર-સિમેન્ટ-ટેક્ષટાઈલ સેક્ટરમાં રોકાણો આવશે : ૪૫૦૦થી વધુ અપેક્ષિત રોજગારીની તકો ઊભી થશે**

ગાંધીનગર, તા. ૯

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં રાજ્ય સરકારે આ સમિટને સફળ બનાવવા માટેના શ્રેણીબદ્ધ આયોજનો હાથ ધર્યા છે.

આ વાયબ્રન્ટ સમિટ દેશ-વિદેશનાં રોકાણકારો, ઉદ્યોગકારો માટે ગ્લોબલ પ્લેટફોર્મ બની રહી છે. આ સંદર્ભમાં વાયબ્રન્ટ સમિટ-૨૦૨૪ના પૂર્વાર્ધરૂપે રાજ્ય સરકારે વિવિધ ઉદ્યોગો સાથે અત્યારથી જ MoU કરવાનો ઉપક્રમ પ્રયોજ્યો છે. આ ઉપક્રમનાં ત્રીજાતબક્કામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં વિવિધ ઉદ્યોગગૃહો દ્વારા રાજ્યમાં ઉદ્યોગો શરૂ કરવા માટે રૂ. ૧૧૧૩કરોડના કુલ રોકાણો સાથે ૪ જેટલા MoU મંગળવાર, ૮ ઓગષ્ટે ગાંધીનગરમાં કરવામાં આવ્યા હતા.

કેમિકલ સેક્ટરમાં કુલ ૩૦૦ કરોડ રૂપિયાના રોકાણો માટે ૧ ઉદ્યોગગૃહે MoU કર્યા હતા. તદ્નુસાર, મેઘમણી ક્રોપ ન્યુટ્રીશન લિમિટેડ સાણંદમાં નેનો પ્રવાહી ખાતરનો પ્લાન્ટ ૨૦૨૫-૨૬ સુધીમાં શરૂ કરશે.

ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત અને રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં આ MoU પર ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી એસ. જે. હૈદરે રાજ્ય સરકાર વતી અને ઉદ્યોગગૃહોના સંચાલકો વતી તેમના વરિષ્ઠ CEO, MD વગેરેએ હસ્તાક્ષર કર્યા હતા.

પ્રતિ સપ્તાહે યોજવામાં આવતા આ MoU સાઈનીંગના ઉપક્રમની ત્રણ કડીમાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે કુલ રૂ. ૩૮૭૪ કરોડના રોકાણોના ૧૪MoU સંપન્ન થયા છે. આ ઉદ્યોગો શરૂ થવાથી કુલ સાડા નવ હજારથી વધુ સંભવિત રોજગાર અવસરો આવનારા દિવસોમાં મળતા થશે.

તદ્નુસાર, ટેક્ષટાઈલ સેક્ટરમાં-૨૧૦૦, એન્જિનિયરીંગ સેક્ટરમાં-૭૦૦, ફાર્માસ્યુટીકલ સેક્ટરમાં-૫૦૦ અને કેમિકલ સેક્ટરમાં-૩૦૮૫ સંભવિત રોજગાર અવસરોનું સર્જન થશે.

રાજ્યમાં સરળતાએ ઉદ્યોગો શરૂ કરી શકાય તેવું પ્રો-એક્ટીવ એડમીનીસ્ટ્રેશન મુખ્યમંત્રીના નેતૃત્વમાં છે તેની આ ઉદ્યોગકારોએ સરાહના કરી હતી.

મંગળવારે ૮ ઓગષ્ટે થયેલા MoU અનુસાર સાણંદ, ડેસર-વડોદરા, પીપોદરા-સુરત તેમજ વલસાડના ડુંગરીમાં ૨૦૨૪-૨૫-૨૬ સુધીમાં આ ઉદ્યોગો શરૂ કરવા માટે ચાર MoU થયા છે.

આ MoU અનુસાર વન્ડર સિમેન્ટ લિમિટેડ ગુજરાતમાં પોતાનો પ્રથમ પ્રોજેક્ટ ડેસર તાલુકાના તુલસી ગામમાં રૂ. ૫૫૦ કરોડના રોકાણ સાથે શરૂ કરશે અને પચાસ લોકોને રોજગારી આપશે.

આ ઉપરાંત હમી વેવેલન પ્રાઈવેટ લિમિટેડ સુરતના માંગરોળ તાલુકાના પીપોદરામાં વિસ્કોસ સ્ટેપલ યાર્ન અને પોલિસ્ટર સ્ટેપલ યાર્નનો પ્રોજેક્ટ ૧૧૪ કરોડ રૂપિયાના રોકાણથી શરૂ કરવાની છે. આ પ્રોજેક્ટથી ૩૦૦ જેટલા લોકોને રોજગાર અવસર મળશે.

એટલું જ નહિ, મોરાઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડ, વલસાડ જિલ્લાના ડુંગરીમાં ૧૪૯ કરોડના રોકાણથી ઈન્ડસ્ટ્રીયલ પાર્કની સ્થાપના કરશે અને અંદાજે ૩૫૦૦ જેટલા રોજગાર અવસરનું નિર્માણ થશે.

આ MoU સાઈનીંગ અવસરે મુખ્ય સચિવશ્રી રાજકુમાર, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્રસચિવશ્રી કૈલાસનાથન, ઉદ્યોગ કમિશનરશ્રી સંદીપ સાંગલે, સંયુક્ત કમિશનર કુલદીપ આર્ય તથા ઈન્ડેક્ષ-બીનાં અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત સાદરા ખાતે વિશાળ વૃક્ષારોપણ

ગાંધીનગર, તા. ૯

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા આયોજિત મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત વિશાલ વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં




આવ્યું જેમાં મુખ્ય અતિથિ તરીકે નિયામકશ્રી ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર શ્રી પી. બી. પંડ્યા સાહેબ, સંયુક્ત આયુક્ત ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર શ્રી નારાયણ માધુ સાહેબ, રાજ્ય એન એસ એસ અધિકારીશ્રી, ઉચ્ચ શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર શ્રી આર. આર. પટેલ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક સંબોધન સંસ્થાના ડીનશ્રી ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ આપ્યું હતું. અતીથીયોનું સુતની માલાથી સ્વાગત એન.એસ.એસનાં સ્વય સેવક શ્રી ખંજન મકવાણા, વિરલ ચૌધરી અને પાર્થિવ બળેવિયાએ કર્યું હતું. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા લાલકિલા પરથી આપેલા પંચ પ્રાણનાં સંકલ્પની પ્રતિજ્ઞા ડૉ. નીરજ સિલાવટ દ્વારા અપાવવામાં આવી હતી દરેક વિદ્યાર્થી અને અતિથિ સેવકો દ્વારા પંચ પ્રાણનું સંકલ્પ લેવામાં આવ્યું હતું. પછી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનાં આહવાન વિશાલ વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં સંસ્થાના લગભગ ૨૦૦ વિદ્યાર્થી ભાઈ અને બહ્નોએ ભાગ લીધું હતું.. વિશેષમા આ સંપૂર્ણ કાર્યક્રમમાં સંસ્થાના રાસેયોન સ્વય સેવક શ્રી ક્ષમા શર્મા, સંસ્કૃતિ જાની, સુમિતા, જાગૃત્તિ પંચોલા, શ્રી ચિરાગ ઓડ, શ્રી પ્રતિક ભટ્ટ, શ્રી ખંજન મકવાણા, નરેશ ઠાકોર, વિરલ ચૌધરી, યશ ચૌધરી, શામળ ડાભી, ચંદ્રભાન મકવાણાની આ ક્રાયક્રમનેસફળ બનાવવામાં મોટો યોગદાન રહ્યું હતું . કાર્યક્રમની આભાર વિધિ ડૉ. અરવિંદભાઈ રામી દ્વારા કરવામાં આવી હતી.

# જીવનધારા ફાઉન્ડેશનનો નિવાસી શાળાના બાળકો સાથે ફ્રેન્ડશીપ ડે



ગાંધીનગર, તા. ૦૯


જીવનધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટના ઉપક્રમે ફ્રેન્ડશીપ ડે નિમિત્તે સેક્ટર-૧૩માં નંદનવન અનુદાનિત નિવાસી પ્રાથમિક શાળા ખાતે કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં જીવનધારા ફાઉન્ડેશન સેવા ટ્રસ્ટના સભ્યો મહેશભાઈ જીરાવાલા, જી.કે.પરમાર, યોગેન્દ્રસિહ રાઓલ, વિજયસિંહ માજીરાણા, પ્રદીપસિંહ વાઘેલા, ઉર્મિલાબેન વર્મા, કૌશિકભાઈ અંજારિયા, જય સાકરિયા, ડી.એમ.મકવાણા, હાર્દિક ચુડાસમા વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સભ્યો દ્વારા બાળકોને ફ્રેન્ડશીપ બેલ્ટ બાંધવામાં આવ્યો હતો અને નાસ્તાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત સ્વચ્છતા અંતર્ગત બાળકો દ્વારા વક્તવ્ય રજૂ કરવામાં આવ્યા હતા તથા શાળાની બાળાઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં ભાગ લેનાર બાળકોને પ્રોત્સાહ ઈનામ રૂપે પ્રદિપસિંહ વાઘેલા (વિદ્યા લાઈબ્રેરી) દ્વારા બોલપેન તથા ચોપડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કરાઓકે સિંગર શ્રવણકુમાર પરમાર દ્વારા ફ્રેન્ડશીપ ડે ને અનુરૂપ ફિલ્મી ગીતો રજુ કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના બાળકો દ્વારા કરવામાં આવ્યું હતું.

# ૧.૫ લાખ મુલાકાતીઓએ CCLના STEM મોડલ્સ અને પ્રદર્શનોની મુલાકાત લીધી

**શીખવા માટે રમકડાંને મુખ્ય પ્રવાહ બનાવવાCCL-IITGNના પ્રાયોગિક STEM એજ્યુકેશન મોડલ્સે વડાપ્રધાન અને પ્રતિષ્ઠિત વ્યક્તિઓનું ધ્યાન ખેંચ્યું**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરઃ શું તમે એવી સાયકલ જોઈ છે જે તેના સ્ટીયરીંગની વિરુદ્ધ દિશામાં ફરતી હોય અને તે સમજવામાં મદદ કરે છે કે સાયકલ કેવી રીતે જીરોસ્કોપિક ગતિના સિદ્ધાંતો અને સમૂહ અને ઘર્ષણના કેન્દ્રનો ઉપયોગ કરીને સીધી રહે છ; અથવા એવું શીખ્યા કે કેવી રીતે ધ્વનિ સ્પંદનો રેતીમાં પેટર્ન બનાવી શકે છે; અથવા વોલ-માઉન્ટેડ રોબોટ સાથે પ્રયોગ કર્યો જે કોડિંગ, થ્રેડ્સ, ત્રણ પ્રકારની મોટર્સ, અને



આર્ડુનોનો ઉપયોગ કરીને ગણતરી કરેલ પરફેક્શન સાથે ચિત્ર દોરી શકે; અથવા વિવિધ ગાણિતિક અને વૈજ્ઞાનિક ખ્યાલો સમજવામાં મદદ કરવા માટે એક સ્ટ્રોમાંથી એક નાનું ૩-ઈન-૧ રમકડું બનાવ્યું છે ભારતીય પ્રૌદ્યોગિકી સંસ્થાન ગાંધીનગર (IITGN) ખાતે સેન્ટર ફોર ક્રિએટિવ લર્નિંગ (CCL) દ્વારા બનાવવામાં આવેલા ૫૦૦થી વધુ STEM-આધારિત (સાયન્સ, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, અને મેથેમેટિક્સ) રમકડાં અને મૉડલ્સમાંથી આ માત્ર થોડા છે જેણે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ના ત્રણ વર્ષ પૂરા થવા નિમિત્તે તાજેતરમાં નવી દિલ્હીમાં આયોજિત અખિલ ભારતીય શિક્ષા સમાગમ ૨૦૨૩માં માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય શિક્ષણમંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન; અન્ય પ્રતિષ્ઠિત વ્યક્તિઓ જેમ કે પ્રિન્સટન યુનિવર્સિટીના પ્રોફેસર મંજુલ ભાર્ગવ, ફિલ્ડ્સ મેડલ (જેને ગણિતમાં નોબેલ પુરસ્કાર માનવામાં આવે છે) જીતનાર ભારતીય મૂળના પ્રથમ વ્યક્તિ, અને શ્રી સોનમ વાંગચુક, લદાખના સંશોધનકાર અને શિક્ષણ સુધારક, અને લગભગ ૧.૫ લાખ મુલાકાતીઓનું ધ્યાન આકર્ષિત કર્યું.


CCL yu IITGNની આંતરશાખાકીય પ્રયોગશાળાઓમાંની એક છે જે વિદ્યાર્થીઓ અને શિક્ષકોમાં વૈજ્ઞાનિક સ્વભાવ અને સહજ સર્જનાત્મકતાને પોષે છે જેથી વિદ્યાર્થીઓની આંખોમાં ખોવાઈ ગયેલી ચમક પાછી આવે અને શિક્ષણને આનંદપ્રદ અને આકર્ષક બનાવી શકાય. NEP ૨૦૨૦ના ઉદ્દેશ્યો સાથે કુદરતી રીતે સંરેખિત તેના અનન્ય STEM લર્નિંગ રમકડાં, મૉડલ્સ, અને પ્રવૃત્તિઓ દ્વારા, CCL છેલ્લા ૬.૫ વર્ષમાં તેના ઑફલાઈન પ્રોગ્રામ્સ દ્વારા સમગ્ર દેશમાં ૨૦,૦૦૦ શિક્ષકો અને ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ અને ઑનલાઈન શિક્ષણ અને તાલીમ સત્રો દ્વારા ૫,૦૦,૦૦૦ લોકો સુધી પહોંચી ગયું છે.

તેમનો વિચાર એ છે કે શીખનારને ફક્ત વાંચવાને બદલે શીખવા અને જાતે કરવા માટે કોઈ પણ વિષયમાં ઊંડો રસ લેતા કરવા. આ કેન્દ્રનો ઉદ્દેશ્ય લેક્ચર્સને આકર્ષક બનાવીને, પ્રાયોગિક શિક્ષણ પ્રદાન કરીને, અને સર્જનાત્મકતા અને નવીનતાને પ્રોત્સાહન આપીને શિક્ષણશાસ્ત્રમાં ક્રાંતિ લાવવાનો છે.

અખિલ ભારતીય શિક્ષા સમાગમ ૨૦૨૩ પ્રદર્શનમાં, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ અનુભવાત્મક STEM શિક્ષણ માટેના CCLના આકર્ષક મોડલ્સ અને પ્રાયોગિક છે.

# ગાગરમાં સાગર

## દ્વારકાના શંકરાચાર્ય પૂજ્ય સ્વામીશ્રી સદાનંદ સરસ્વતીજીની અમૃતવાણી



- પરમાત્મા બધાનો ઉદ્ધાર કરવા માટે જ અવતાર ધારણ કરે છે.
- દરેક મનુષ્યે પોતપોતાના ધર્મનું પાલન કરવું જોઈએ, જે પોતાના સ્વાભાવિક ધર્મને ભૂલી જાય છેતેનું સત્વ જતું રહે છે જેમ બ્રાહ્મણ પોતાનો ધર્મ ભૂલી જાય તો તેનું બ્રાહ્મણત્વ જતું રહે છે.
- જે ઘરમાં ભગવાનના ભક્તનો જન્મ થાય છે, તેની પછીનો અને પૂર્વની સાત પેઢીનો આપોઆપ ઉદ્ધાર થઈ જાય છે.
- ગજેન્દ્ર હાથીઓનો રાજા હતો તેને પોતાના બળનું અભિમાન હતું તે નિશ્ચિંત થઈને ક્રીડા કરી રહ્યો હતો ત્યારે મગર તેને ખેંચવા લાગ્યો. અસહાય બનેલા ગજેન્દ્રએ પોતાને મુક્ત કરવા પૂર્વજન્મના સંસ્કારો યાદ આવતા સહાય માટે પ્રભુને આર્તનાદ કર્યો અને તત્ક્ષણ પ્રભુ દોડી આવ્યા અને તેનો મોક્ષ થયો.
- આનંદઘન શ્રીરામ સાથે મિત્રતા રાખશો તો જીવનમાં દુઃખ આવશે જ નહિ.
- સંસ્કારોને જીવંત રાખવા માટે પરંપરાઓનું પાલન કરવું જોઈએ તો આપત્તિમાં પ્રભુનું સ્મરણ થવાથી આપણું રક્ષણ થાય છે.
- આપત્તિના સમયે ગજેન્દ્રએ હરિસ્મરણમાં સ્તુતિ કરી અને પરમાત્મા પ્રગટ થયા.
- જ્યાં સુધી આપણને સંપત્તિ, બળ અને ઐશ્વર્ય ઉપર ભરોસો હોય ત્યાં સુધી ભગવાન યાદ આવતા નથી અને છેવટે બચવા માટે જ્યારે આર્તનાદ કરીએ ત્યારે પરમકૃપાળુ પરમાત્મા સહાય કરવા દોડીને આવી જાય છે.

# સોનીપુર ગામમાં "મેરી માટી, મેરા દેશ" અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજાયા



ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરના તાલુકાના સોનીપુર ગામમાં "મેરી માટી, મેરા દેશ"નો કાયક્રમ યોજાવામાં આવ્યો હતો જેમાં કોલવડા સ્ટેટ મોડેલ આયુર્વેદ હોસ્પિટલ અને એનએનએસ યુનિટ દ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાવામાં આવ્યો હતો.

આ પ્રસંગે ગામમાં એનએનએસ યુનિટ દ્વારા જાગૃતિ રેલી યોજવામાં આવી હતી. આ ઉપરાંત ગામમાં શીલાફલકમનું સ્થાપન કરીને દેશની રક્ષા કાજે પોતાના જીવની આહુતિ આપનાર વીર શાહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી તેમજ ગામની માટી કળશમાં એકત્ર કરીને પંચપ્રણ શપથ લેવામાં આવ્યાં હતા. આ કાર્યક્રમમાં સોનીપુર ગ્રામ પંચાયતના સદસ્યો, મોટી સંખ્યામાં બાળકો, યુવાનો અને ગામના અગ્રણીઓ પણ જોડાયાં હતા.



ગાંધીનગર તાલુકાના પુન્દ્રાસણ ગામમાં "મેરી માટી, મેરા દેશ"નો કાયક્રમ યોજાવામાં આવ્યો હતો જેમાં રાજ્યના પંચાયત વિભાગના સચિવ શ્રી મોના ખંધાર સાથે જિલ્લા પંચાયત સદસ્ય, ગામના આગેવાનો, પુન્દ્રાસણ ગામના સરપંચ પૂનમજી ઠાકોર, પ્રાથમિક શાળાના આચાર્ય સાહેબ, શિક્ષકો અને બાળકો જોડાયાં હતા.

# ભવન્સ ખાતે મેનેજમેન્ટ અને પત્રકારત્વની નવી બેચોના શિક્ષણકાર્યનો આરંભ

ગાંધીનગર, તા. ૯

વ્યાવસાયિક શિક્ષણમાં અનેક પહેલ કરનારી શહેરની ભવન્સ હરિલાલ ભગવતી ઈન્સ્ટિટ્યુટ ઓફ કોમ્યુનિકેશન એન્ડ મેનેજમેન્ટ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪નો શુભારંભ ગુરૂવાર તારીખ ૧૦ ઓગષ્ટ ૨૦૨૩ના રોજ કરી રહી છે. આ નિમિત્તે ગુરૂવાર તા. ૧૦ ઓગષ્ટ, ૨૦૨૩ના રોજ સાંજે ૬.૩૦ વાગે એક ઓરિએન્ટેશન પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે નવોદિત વિદ્યાર્થી, તેમના પરિવારજનો તેમજ ફેકલ્ટીના સભ્યો ઉપસ્થિત રહેશે. શૈક્ષણિક વર્ષ-૨૦૨૩-૨૪ દરમિયાન થનારી કામગીરીની માર્ગરેખા આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને આપવામાં આવશે. ચાલુ વર્ષે પત્રકારત્વ, ઈન્ડસ્ટ્રિઅલ રિલેશન્સ એન્ડ પર્સોનેલ મેનેજમેન્ટ (આઈઆરપીએમ-એચ.આર.) તેમજ ઈન્ટનેશનલ ટ્રેડ (ઈમ્પોર્ટ-એક્સપોર્ટ) કોર્સની બેચ શરૂ થઈ રહી છે.આ તમામ કોર્સ વ્યવસાયલક્ષી છે અને જે તે વિષયનો નિષ્ણાતો વિદ્યાર્થીઓને ભણવવા આવે છે. વ્યવસાયોની બદલાતી જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને અભ્યાસક્રમને અદ્યતન પણ બનાવવામાં આવ્યા છે. તેમાં થિયરી ઉપરાંત પ્રેક્ટિકલનુંસંતુલિત મિશ્રણ રાખવામાં આવ્યું છે. જેથી વિદ્યાર્થીઓ અભ્યાસ પછી તેમની કારકિર્દીનું ઘડતર કરી શકે.

# રાષ્ટ્રીય સુરક્ષામાં સાયબર સુરક્ષા અને ડિજિટલ ફોરેન્સિક્સની મહત્વપૂર્ણ ભૂમિકા : અનિલ પ્રથમ

**ગાંધીનગર યુનિવર્સિટી ખાતે એઆઈ અને બ્લોકચેઈન ઇન્ટિગ્રેટેડ સાયબર સિક્યુરિટી અને ડિજિટલ ફોરેન્સિક લેબોરેટરીના ઉદઘાટન પ્રસંગે આઈપીએસ અનિલ પ્રથમે વિદ્યાર્થીઓને સંબોધ્યા**

ગાંધીનગર, તા. ૦૯

ગાંધીનગર યુનિવર્સિટી દ્વારા AI અને બ્લોકચેન ઈન્ટિગ્રેટેડ સાયબર સિક્યુરિટી અને ડિજિટલ



ફોરેન્સિક લેબોરેટરીના ઉદ્ઘાટનના એક મહત્વપૂર્ણ પ્રસંગનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં પોલીસ સુધારણાના મહાનિર્દેશક અનિલ પ્રથમ, કાલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોર, ભાજપના સહ-પ્રવક્તા ડો. રૂત્વિજ પટેલ, ગુજરાતી ન્યૂઝ ચેનલ ઝી ૨૪ કલાકના મુખ્ય સંપાદક દીક્ષિત સોની, ગાંધીનગર યુનિવર્સિટીના પ્રમુખ હરેશભાઈ રોહેરા, ઉપપ્રમુખ વિનીતા રોહેરા, વાઈસ ચાન્સેલર પ્રોફેસર ડો.કે.એન. શેઠ અને એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર ડૉ. કાર્તિક જૈને હાજરી આપી હતી.ડીજીપી અનિલ પ્રથમે પોતાના મુખ્ય વક્તવ્યમાં વિકસી રહેલા સાયબર ક્રાઈમ લેન્ડસ્કેપને ધ્યાનમાં રાખીને રાષ્ટ્રીય સુરક્ષામાં સાયબર સુરક્ષા અને ડિજિટલ ફોરેન્સિક્સની મહત્વપૂર્ણ ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે સંશોધનમાં સરકારના રોકાણને સ્વીકાર્યું હતું અને સાયબર સુરક્ષા પડકારો માટે વિદ્યાર્થીઓને તૈયાર કરવામાં યુનિવર્સિટીઓની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે લેબોરેટરીની સ્થાપના માટે ગાંધીનગર યુનિવર્સિટીની પ્રશંસા કરી હતી.કલોલના ધારાસભ્ય લક્ષ્મણજી ઠાકોરે ગાંધીનગર યુનિવર્સિટીને અભિનંદન પાઠવ્યા હતા અને સમાજના લાભાર્થે યુનિવર્સીટી દ્વારા કરવામાં આવેલ મૂલ્યવાન પહેલની પ્રશંસા કરી હતી. ગુજરાત ભાજપના યુવા નેતા રુત્વિજ પટેલે આજના સમયમાં સાયબર સુરક્ષાના વૈશ્વિક પડકારની ચર્ચા કરી હતી અને આ મુદ્દાને અસરકારક રીતે ઉકેલવા માટે આપણા યુવાનોને સજ્જ કરવાના મહત્વ પર ભાર મૂક્યો. ઈવેન્ટ દરમિયાન, ગાંધીનગર યુનિવર્સિટી ના વાઈસ પ્રેસિડેન્ટ ડો. વિનીતા રોહેરાએ સાયબર સુરક્ષા અને ડિજિટલ ફોરેન્સિક્સમાં ઉચ્ચ-સ્તરના શિક્ષણ અને તાલીમ પ્રદાન કરવા માટે સંસ્થાના સમર્પણ પર ભાર મૂક્યો હતો. તેણીએ સરકારી એજન્સીઓને ટેકો આપવા માટે આવશ્યક કૌશલ્યો અને સોફ્ટવેર સાથે વિદ્યાર્થીઓને સશક્ત બનાવવાની સુસજ્જ લેબની ક્ષમતાને પ્રકાશિત કરી. ડો. રોહેરાએ વિદ્યાર્થીઓ પર લેબના સકારાત્મક પ્રભાવ અને સામાજિક સુધારણાના યુનિવર્સિટીના ધ્યેય સાથે તેના સંરેખણ વિશે આશાવાદ વ્યક્ત કર્યો. વધુમાં, તેણીએ નવીન AI કેમ્પસ માટેની યોજનાની વાત કરી હતી, જે સમગ્ર રાજ્ય માટે એક અગ્રણી પહેલ છે. ડિજિટલ ફોરેન્સિક્સ અને સાયબર સંરક્ષણમાં કુશળતાને પ્રોત્સાહન આપવા માટે ગાંધીનગર યુનિવર્સિટીની ચાલી રહેલી પ્રતિબદ્ધતાને લેબની સ્થાપના દ્વારા વધુ રેખાંકિત કરવામાં આવી છે. આ પહેલ ડિજિટલ સુરક્ષાના ભાવિને આકાર આપવામાં એક નેતા તરીકેની યુનિવર્સિટીની સ્થિતિને મજબૂત બનાવે છે.

શૈક્ષણિક, કાયદા અમલીકરણ, રાજકીય અને મીડિયા હસ્તીઓ વચ્ચેનું જોડાણ આપણા ડિજિટલ વિશ્વની સુરક્ષામાં સામૂહિક પ્રયાસના મહત્વને પ્રકાશિત કરે છે.



ગાંધીનગર તાલુકાના ટીંટોડા ગામમાં "મેરી માટી, મેરા દેશ"નો કાયક્રમ યોજાવામાં આવ્યો હતો જેમાં ગામના સરપંચ કાનાજી મગનજી ઠાકોરે વૃક્ષારોપણ કર્યું હતું. આ પ્રસંગે ગામના અગ્રણીઓ જોડાયાં હતા.